**આંક:– ....**

**મહે.લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૧૪૯૪૪/૨૦૧૮

ફરિયાદી :– કામદાર રાજય વીમા નિગમ
સોશીયલ સીકયુરીટી ઓફીસર/બ્રાન્ચ મેનેજર.

**: વિરૂઘ્ધ :**

આરોપીઓ :– (૧) શ્રી જાધવભાઈ આર. શર્મા,
નં.૮, નિમેષ બંગલોઝ (શિરોમણી)
નેશનલ હાઈવે નં.૮, અમદાવાદ .
(૨) શ્રી વિરેન્દ્ર કુમાર એમ. શર્મા,
એ–૬૩, રમ્ય કુંજ (જલધારા)
વટવા રોડ, ઈસનપુર, અમદાદાદ.
(૩) મે. સુપર સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ,
પ્લોટ નં.૫૧/૧, કિરણ ઈન્ડસ્ટ્રીઝ પાસે,
ફેઝ–૧, જી.આઈ.ડી.સી.એસ્ટેટ, વટવા, અમદાવાદ.

ગુન્હો :– ઈ.એસ.આઈ. એકટ–૧૯૪૮ ની કલમ–**૮૫(જી)** સાથે વાંચતા સેકશન **૩૮ અને રેગ્યુલેશન ૧૨** મુજબ.

## –: ચૂ કા દો :–

**(૧)** હાલનો ફોજદારી કેસ અત્રેની કોર્ટમાં ચાલી આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીઓએ ઈ.એસ.આઈ.એકટ ૧૯૪૮ અન્વયેના એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ (જનરલ) **રેગ્યુલેશન ૧૯૫૦ ના રેગ્યુલેશન ૧૨ નો ભંગ કરેલ,** જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ–**૮૫(જી)** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

(૨) ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં એલોટ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી /અધિકૃત વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપી/અધિકૃત વ્યકિત ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપી/અધિકૃત વ્યકિત ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂઘ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી /અધિકૃત વ્યકિત પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીપક્ષે હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને

અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપીપક્ષે ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીપક્ષે ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ ની કલમ – **૮૫(જી)** સાથે વાંચતા કલમ–૩૮ અને એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ (જનરલ) ૧૯૫૦ ના રેગ્યુલેશન **૧૨** નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ–**૮૫(જી)** નો ભંગ કરેલ છે અને તે મુજબનો ગુન્હો કરેલ છે. આરોપીપક્ષ સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીપક્ષે જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીપક્ષની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## –:. <u>હુકમ</u> ::–

(૧) આ કામના દરેક આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ ની કલમ – **૮૫(જી)** સાથે વાંચતા કલમ–**૩૮** અને એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ (જનરલ) ૧૯૫૦ ના રેગ્યુલેશન **૧૨** નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ–**૮૫(જી)** ના ભંગ બદલ દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૪,૦૦૦/– તેમ કુલ ત્રણ આરોપીઓને **કુલ રૂા.૧૨,૦૦૦/– (અંકે રૂપીયા બાર હજાર પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીપક્ષ દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપીપક્ષ કબુલ કરનારને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩/૦૫/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

પ્રદીપકુમાર વસંતલાલ ધીમર
એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
**CODE : GJ01488**